ગાંધીનગર સમાચાર

## આજે ટાઉનહોલમાં સંસ્કૃતોત્સવ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને સંસ્કૃત ભારતી ગુજરાત દ્વારા આજ રોજ શુક્રવાર સાંજે ૬.૩૦ વાગે ટાઉનહોલ ગાંધીનગરમાં સંસ્કૃતોત્સવ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં મેયર હંસાબેન મોદી, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, સંસ્કૃત વિદ્વાન હિમાંજય પાલીવાલ ઉપસ્થિત રહેશે. આશરે હજાર વર્ષ પહેલા થઈ ગયેલ સંસ્કૃતના મહાકવિ કાલીદાસની અમરકૃતિઓ ઉપર અલગ અલગ ટીમ દ્વારા નાટકો, અભિનય અને રાસ ગરબા યોજાશે.

## દસ દિવસીય યોગાસન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૬

પ્રેરણા વ્યાયામ શાળા ગાંધીનગર દ્વારા દસ દિવસીય યોગાસન શિબિર યોજવામાં આવશે. આગામી ૧૯થી ૨૮ જુલાઈ સવારે ૬ થી ૭ કલાક દરમિયાન સેકટર-૧૨ રાજપૂત ભવન ગાંધીનગર ખાતે યોજાશે. શિબિરમાં આચાર્ય અશ્વિનભાઈ દવે યોગાસનોનું પ્રશિક્ષણ આપશે. નગરના તમામ ભાઈ-બહેનોને શિબિરમાં ઉપસ્થિત રહી લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. શિબિરમાં ઉપસ્થિત રહેનાર શિબિરાર્થીએ પાથરણું સાથે લઈને આવવા જણાવાયું છે.

## બાલવાના વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ સાયકલ પોલોમાં પ્રથમ

ગાંધીનગર, તા.૧૬

બાલવા સ્થિત શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ ખાતે ગાંધીનગર ગ્રામ્ય જિલ્લા કક્ષાની સાયકલ પોલો સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં તમામ ગૃપમાં બાલવા હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ બાજી મારી હતી. જેમાં રવિ. એ. ચૌધરી, નાગેશ દેસાઈ, અજય જે. રાવળ, કાર્તિક ચૌધરી, અનિલ ઠાકોર, સચિન દંતાણી અને સાવન ચૌધરી વિજેતા થયા હતા. વિજેતા ખેલાડીઓએ જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવતા રાજય કક્ષાએ ભાગ લેવા જશે. શાળાના વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ પ્રથમ આવતા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## આંતરરાષ્ટ્રીય ફલક પર ગાંધીનગરનું પ્રતિનિધિત્વ ઝળકયું



તાજેતરમાં શ્રીલંકાના કોલંબો ખાતે યોજાયેલ આઈઈઈની રિજિયન-૧૦ આંતરરાષ્ટ્રીય દ્વિવાર્ષિક કોંગ્રેસ યોજાઈ હતી. જેમાં જાપાન, અમેરિકા, ગ્રીસ, જર્મની, સિંગાપોર જેવા દેશોમાંથી ૩૦૦ જેટલાં ડેલીગેટસ ઉપસ્થિત રહ્યા હતા. આ કોંગ્રેસમાં ગુજરાત ભારતનું પ્રતિનિધિત્વ ગાંધીનગરના જય મેરજાએ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે જય મેરજાએ ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાંથી પત્રકારત્વના અભ્યાસ ઉપરાંત ઈડીઆઈમાંથી મેનેજમેન્ટ અને એન્જિનીયરીંગની પદવી મેળવેલ છે. હાલ તેઓ જ્ઞાન નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનમાં કાર્યરત છે અને આઈઈઈની સમગ્ર વિશ્વની શૈક્ષણિક બાબતોની કમિટીના સભ્ય તરીકે પણ ફરજ બજાવી રહ્યાં છે.

## આઈ.એ.એસ.માં નિમણૂક પામવા ઈચ્છુકઓએ ૩૧ જુલાઈ સુધી અરજી કરવી

ગાંધીનગર, તા.૧૬

રાજય સરકાર દ્વારા રાજય સેવાઓમાંથી આઈએએસમાં પસંદગીથી નિમણુક સંદર્ભે પારદર્શક વ્યવસ્થા અમલમાં મુકવામાં આવી છે આ સંદર્ભમાં વર્ગ-૧ના અધિકારીઓ (જી.એ.એસ, જી.પી.એસ., જી.એફ.એસ. સિવાયના) કે જેઓ તા. ૧-૧-૨૦૧૪ની સ્થિતિએ ૫૪ વર્ષ કરતા ઓછી વયના હોય ને વર્ગ-૧માં રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે રૂ. ૫૪૦૦ના પગાર ધોરણમાં ૮ વર્ષ કે તેથી વધુ સેવાઓ બજાવેલ હોય તેવા તમામ વર્ગ-૧ના અધિકારીઓ જો તેઓ પસંદગીથી આઈએએસ સંવર્ગમાં નિમણૂક પામવા ઈચ્છતા હોય તો તેઓએ સામાન્ય વહીવટ વિભાગને તા. ૩૧-૭-૨૦૧૫ સુધીમાં અરજી કરવાની રહે છે. આ અરજીનો નમૂનો સામાન્ય વહીવટ વિભાગની વેબસાઈટ **http://gad.gujarat.gov.in** પર ઉપલબ્ધ છે તેમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે.

## ઈલેકટ્રીકલ સુપરવાઈઝર/વાયરમેનની પરીક્ષાનું પરિણામ જાહેર

ગાંધીનગર, તા.૧૬

રાજયના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળના લાયસન્સીંગ બોર્ડ ગાંધીનગર દ્વારા મે ૨૦૧૫માં અમદાવાદ, વડોદરા, સુરત અને ભાવનગર પરીક્ષા કેન્દ્રો ઉપર સુપરવાઈઝરની તેમજ અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ, મહેસાણા, ભૂજ, રાજકોટ, જૂનાગઢ અને ભાવનગર પરીક્ષા કેન્દ્રો ઉપર આયોજીત વાયરમેનની લેખિત તથા મૌખિક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. લેખિત તેમજ મૌખિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોના રોલ નંબર આ ખાતાની વેબસાઈટ **http://ceiced.gujarat.gov.in** પર મુકવામાં આવ્યા છે તેમ સચિવશ્રી લાયસન્સીંગ બોર્ડ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## ટ્યુશનો વહેલી તકે બંધ કરાવવા અમદાવાદ સમસ્ત મહા વાલી મંડળની માંગણી

અમદાવાદ, તા. ૧૬

અમદાવાદ સમસ્ત મહા વાલી મંડળના પ્રમુખશ્રી કાંતિભાઈ પટેલ અને મંત્રીશ્રી સતિષભાઈ શાહે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાને પત્રો પાઠવીને ગુજરાતમાં ટ્યુશન એક્ટ અમલમાં હોવા છતાં શાળાના શિક્ષકો દ્વારા ટ્યુશન કલાસીસ ચલાવી રહ્યા છે. શાળાના સંચાલકોએ ડે કેરનો ટ્યુશન કન્સ્પેપ્ટ કરી શાળાના નામે તગડી ફી લેવાઈ રહી છે. અને કરોડો રૂપિયા એકઠા કરી રહ્યા છે. ગુજરાતમાં આવી નીંદનીય પ્રવૃત્તિ ચાલી રહી છે તે સામે સરકારે કડક પગલાં લેવાની માગણી કરી છે. ધો. ૧૦માં ૩૦ ગુણ શાળા દ્વારા આપવામાં આવતા હોવાથી શિક્ષકો ખુલ્લેઆમ વાલીઓને ધમકી આપીને ટ્યુશનો મેળવી રહ્યા છે. શિક્ષણખાતાનું તકેદારી એકમ આંખ આડા કાન કરી રહ્યું છે. શિક્ષણાધિકારીઓ દ્વારા શાળાના ઈન્સ્પેકશન વખતે આ વાસ્તવિકતાને ધ્યાને લેવાતી નથી. તો સત્વરે પાટણકાંડ જેવું ના સર્જાય તે માટે કાર્યવાહી કરવા માંગણી કરેલ છે.

### વાડોકાઈ કરાટે-ડો એકેડમી, ગુજરાતનાં સહયોગથી

# ગાંધીનગર પોલીસ દ્વારા આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે મહિલા સ્વબચાવ શિબિર સંપન્ન





ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરનાં સેકટર - ૮ સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે તાજેતરમાં ૧૫ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. ગુજરાત સરકારનાં ગૃહ વિભાગ દ્વારા શરૂ કરાયેલ સુરક્ષા સેતુ પ્રોજેકટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા યોજાયેલ આ શિબિરમાં વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં બ્લેક બેલ્ટ નિષ્ણાત પ્રશિક્ષકો દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

છાત્રાલયની વિદ્યાર્થીનીઓને પંચ, બ્લોક, કીક વગેરે દ્વારા કેવી રીતે પ્રહાર કરી શકાય અને કોઈ આપણા ઉપર આક્રમણ કરે ત્યારે કેવી રીતે હાથ અને પગનો ઉપયોગ કરી બચાવ કરી શકાય તેનો ક્રિયાત્મક અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. મહિલાઓના ડ્રેસનો ભાગ એવા દુપટ્ટાના માધ્યમથી કેવી રીતે બચાવ અને પ્રહાર કરી સામેની વ્યક્તિને મહાત કરી શકાય તથા બોલપેન, હેરપીન વગેરેનો કેવી રીતે સ્વબચાવ માટે ઉપયોગ કરી શકાય તેનું પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યું હતું. વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં નિષ્ણાત કોચ શ્રી હનુભાઈ પરમાર તથા તેમની ટીમ દ્વારા આ શિબિરનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું.

આ શિબિરનાં સમાપન પ્રસંગે સેકટર-૭ સ્થિત પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર શ્રી એલ. બી. મોણપરા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલ નિદર્શનને નિહાળી પોતાનાં વકતવ્યમાં શિબિરને સફળ ગણાવી હતી. તેમણે સુરક્ષા સેતુ પ્રોજેકટ વિશે વિદ્યાર્થીનીઓને સમજ આપી પોલીસથી ન ડરવા સલાહ આપી હતી. વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીનીઓને શરીરનું મહત્વ સમજાવી તેને સ્વસ્થ રાખવા, બળવાન બનાવવા તથા તેનું રક્ષણ કરવામાં કરાટે જેવી વિદ્યા કેવી રીતે કામ કરે છે તેની જાણકારી આપી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને શીખેલા કળાનો નિયમિત અભ્યાસ કરવા સંકલ્પ લેવડાવ્યો હતો. ગત વર્ષે પણ આ પ્રકારની બેઝીક શિબિર તથા ચાલુ વર્ષે રીફ્રેશર શિબિરના આયોજનમાં શાળાનાં આચાર્યા શ્રીમતી કુસુમબહેન દ્વારા જે રીતે અંગત રસ લઈને વિદ્યાર્થીનીઓ લાભાન્વિત થાય તેવા પ્રયાસો સામેથી કરવામાં આવી રહ્યાં છે તે બદલ તેમણે શાળાનાં આચાર્યાશ્રીને અભિનંદન પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપવા માટે પોલીસ ઈન્સ્પેકટર શ્રી એલ. બી. મોણપરા અને શિહાન શ્રી અરવિંદભાઈ રાણા ઉપરાંત કરાટે અકેડમીનાં સંરક્ષક શ્રી જગતભાઈ કારાણી, રોટરી ક્લબનાં પ્રમુખ શ્રી મનોજભાઈ સરૈયા, સેક્રેટરી શ્રીમતી ગીતાબા ચૌહાણ, વિદ્યાર્થીનીઓ માટે સતત કાર્યરત રહેતા રોટે. શ્રીમતી અમીબહેન શાહ, કરાટે અકેડમીનાં સહયોગી શ્રી અભયરાજ ચૌધરી સહિત શાળાની શિક્ષિકાવૃંદ વગેરેએ ઉપસ્થિત રહ્યા હતા. મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે વિદ્યાર્થીનીઓને શિબિરમાં ભાગ લીધા અંગેના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## રોટરી ક્લબનો શપથવિધિ સમારંભ યોજાયો




ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર રોટરી ક્લબનો વર્ષ ૨૦૧૫-૧૬ માટેના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ તાજેતરમાં યોજાયો હતો. કુડાસણની સ્કૂલ ઓફ એચિવર ખાતે યોજાયેલ શપથવિધિ સમારંભમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યાં હતા.

ગાંધીનગરના અગ્રણી નગરજનોની ઉપસ્થિતિમાં યોજાયેલ શપથવિધિ સમારંભમાં જાણીતા ઉદ્યોગકાર અને ગેજિયાના પ્રમુખ એચ.એમ. પટેલે વર્ષ ૨૦૧૫-૧૬ માટેના રોટરી ક્લબના પ્રમુખ તરીકે તેમજ સેક્રેટરી પદે સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા મૌલિક પટેલે શપથગ્રહણ કર્યા હતા. શપથવિધિ માટે રોટરી ડિસ્ટ્રીક્ટ-૩૦૫૧ના પૂર્વ ગર્વનર આશિષ દેસાઈએ ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે સેવાઓ આપી હતી. પુરુષોત્તમ રૂપાલાએ આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા રોટરી ક્લબ દ્વારા કરવામાં આવતા વિવિધ કાર્યક્રમોની પ્રસંશા કરી હતી તેમજ ભારતમાં ખતમ થઈ રહેલ સંયુક્ત કુટુંબપ્રથા બાબતે ખૂબ જ ચિંતા વ્યક્ત કરી હતી.

## ગાંધીનગરનું ગૌરવ

ગણપત યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર એન્જીનીયરીંગના પાંચમા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા અને ગાંધીનગરના સેકટર-૮ ગીતાંજલિ પાર્કમાં રહેતા દીપ કિશોરભાઈ કક્કડ, મલેશિયાની એનજીઓ સંસ્થા એઆઈઈએસઈ દ્વારા યોજાયેલ ટ્રેઈનશીપ પ્રોગ્રામ હેઠળ ભારતભરમાંથી પસંદગી પામ્યો હતો. તા. ૧-૬-૨૦૧૫થી તા. ૧૦-૭-૨૦૧૫ સુધી કુઆલામ્પુર (મલેશિયા) ખાતે યોજાયેલ તાલીમ પણ સફળતાપૂર્વક પાસ કરી છે. અન્ય



દેશોના દેશ અને ભારતમાંથી દીપ કકકડ મળી કુલ ૧૧ તાલીમાર્થીઓ હતા તેમાં પણ દીપની કુશળતા અને સંબંધિત વિષયનું જ્ઞાન જોઈ તેને ટીમ લીડર નીમવામાં આવ્યો હતો. દીપ કક્કડે ગાંધીનગર, ગુજરાત અને ભારતનું ગૌરવ વધાર્યું છે.

## ચરર ચરર મારું ચકડોળ ચાલે...

ચકડોળ એ જીવનનું પ્રતિક છે, ક્યારેક તમે ઉપર જાવ છો તો ક્યારેક નીચે આવી જાવ છો. એટલા માટે ચકડોળમાં બેસનારને તેનો રોમાંચ અનહદ આનંદ આપે છે. અત્યારે નગરમાં તહેવારોના સમયે સહેલાણીઓ વધુ મળવાની આશાએ વિવિધ આનંદમેળા- કંપનીઓએ ધામા નાંખ્યા છે.



(તસવીર : દિપક જાની)

### ગુણ સુધારણા કૌભાંડ બાદ સફાળુ જાગ્યુ તંત્ર

# હવે વિવિધ ટોપર્સ વિદ્યાર્થીની ઉત્તરવહીની ફરીવાર તપાસ

અમદાવાદ, તા.૧૬

ગુજરાત યુનિવર્સિટીમાં બહાર આવેલા ગુણ કૌભાંડની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત શિક્ષણ જગતમાં પડી રહ્યા છે. આ કૌભાંડમાં શ્રી કોમ્પ્યુટર એજન્સીનું નામ બહાર આવતા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ પોતાની વિવિધ શાળાઓમાં ગોલ્ડ મેડલ મેળવનાર વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓનું ક્રોસ ચેકિંગ શરૂ કરી દીધુંછે. જેનાં રિપોર્ટ આગામી એક સપ્તાહમાં જીટીયુ સંચાલકો સમક્ષ રજુ કરવામાં આવશે.સાથે સાથે જો આ કૌભાંડમાં કોમ્પ્યુટર એજન્સીની કોઈ સંડોવણી બહાર આવશે તો તેની સાથેના તમામ કોન્ટ્રાકટ રદ કરી દેવાની પણ જીટીયુએ તૈયારી દર્શાવી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ કોમ્પ્યુટર સાથે છેલ્લા ૧૨ વર્ષથી સંકળાયેલી છે. આ સાથે જ આ એજન્સી છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનાં પણ તમામ કોન્ટ્રકટ દર્શાવે છે. ત્યારે હવે ગુજરાત યુનિવર્સિટીમાં સામે આવેલા ગુણ કૌભાંડ મામલે આ એજન્સી શંકાના દાયરામાં આવી ગઈ છે. ત્યારે આ કૌભાંડમાં કોમ્પ્યુટર એજન્સીનું નામ ખુલતા જીટીયુ પણ હરકતમાં આવી ગઈ છે. તેમજ જીટીયુમાં પણ આવુ કોઈ કૌભાંડ આચરાયું તો નથી ને તેની તપાસમાં આદેશ આપી દીધા છે. જીટીયુના વિશ્વસનીય સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ કૌભાંડ સાથે નામ જોડાવાથી બદનામી ન થાય તે માટે આ એજન્સી સાથે છેડો ફાડવ કવાયત હાથ ધરી છે. આ ઉપરાંત છેલ્લા વર્ષોમાં યુનિવર્સિટીનાં તમામ વિભોગામાં ટોપર્સ રહેલા વિદ્યાર્થીઓની ઉત્તરવાહીઓનું ક્રોસ ચેકીંગ કરવાનાં પણ આદેશ આપી દેવામાં આવ્યા છે. જેમાં રિપોર્ટ એક સપ્તાહમાં જીટીયુનાં સંચાલકો સમક્ષ રજુ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, જીટીયુદ્વારા અગાઉ ગુણ સુધારણા કૌભાંડનાં પગલ નિલ્યા એજન્સી સાથેના કોન્ટ્રાકટ રદ કરી દેવાયો હતો. ત્યાર બાદ કોમ્પ્યુટર એજન્સિને આ કોન્ટ્રાકટ સોપવામાં આવ્યો હતો. જો કે ગુજરાત યુનિવર્સિટીનાં ગુણ સુધારણા કૌભાંડમાં આ એજન્સીનું નામ ખુલતા હવે એજન્સિ સાથે પણ જીટીયુ છેડો ફાડી લે તેવી શકયતાઓ વ્યક્ત કરાઈ રહી છે.

## રથયાત્રામાં જોડાવા અપીલ કરાઈ

ગાંધીનગર, તા.૧૬

ભગવાન જગન્નાથની શહેરમાં ૩૧મી રથયાત્રા નીકળશે. વિધિવત રીતે સવારે ૭-૦૦ વાગે પંચદેવ મંદિરથી નિયરૂપ પર રથયાત્રા પ્રસ્થાન કરશે. ભગવાનના દર્શન કરવા મોટી સંખ્યામાં ભકતો જોડાશે તેમજ શહેરના વસાહત મંડળો, વેપારી મંડળો, મહિલા મંડળો, શહેરમાં વસતા સમાજો દ્વારા સ્વાગત કરવામાં આવે છે ત્યારે પુનઃ દર વર્ષની જેમ ભગવાન જગન્નાથજીના રથનું સ્વાગત કરવા માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના અરુણભાઈ બુચે અનુરોધ કર્યો છે તેમજ રથયાત્રા નીજ મંદિરે સાંજે પરત ફરે ત્યારે પણ ભકતજનોને આરતી દર્શનનો લાભ લેવા જણાવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




છોકરાઓને કહો...આન્સર પેપરમાં કાંક લખે... સ્વચ્છતા અભિયાન સ્કૂલ પરિસર પુરતુ સિમીત રાખવાનું...!

## એક પાત્રીય અભિનયમાં સી.એમ. હાઈસ્કુલનો વિદ્યાર્થી અવ્વલ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર કલ્ચરલ ફોરમ યોજિત પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અભિનય સ્પર્ધામાં શહેરની શાળા કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં એકપાત્રીય અભિનય સ્પર્ધા શાળા માઉન્ટ કાર્મેલ ખાતે યોજાઈ હતી. શહેરની ૧૨થી વધુ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં માધ્યમિક વિભાગમાં શેઠ સી.એમ. હાઈસ્કુલના વિદ્યાર્થી કુલદીપ ડોડિયાએ એક દુઃખી માનવીનો આક્રોશ ભગવાન સામે અભિનય રજૂ કરતા પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રૂ.૧૫૦૦નું રોકડ ઈનામ, સર્ટીફીકેટ તથા ટ્રોફી વિશેષ મહાનુભાવો મનોજ જોષી (ચાણકય), પાર્થિક ગોહિલ (સુપ્રસિધ્ધ ગાયક), આશિષ ઉપેન્દ્ર ત્રિવેદી (નાટય નિર્માતા) તેમજ ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રણેતા કૃષ્ણકાન્ત જહા સાહેબના હસ્તે આપવામાં આવી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને શાળા પિરવારે અભિનંદન પાઠવ્યા હતા.



## શીખ સમાજનું ગૌરવ

ગુજરાત યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૫માં લેવાયેલ બી-કોમ સેમેસ્ટર-૨માં શીખ સિમરન ભૂપન્દ્રસિંગે ૮૨.૪૪ ટકા પરિણામ મેળવી સમગ્ર યુનિવર્સિટીમાં આઠમો ક્રમ મેળવ્યો છે. સમીરને સી.યુ. શાહ કોલેજ અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

## રાધાકૃષ્ણના ગીતો પર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૬

અરવિંદ કેન્દ્ર, જયોતિ મહિલા મંડળ અને વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ગાંધીનગરની બહેનો માટે રાધા કૃષ્ણના ગીતોની સ્પર્ધા યોજવામાં આવશે. સ્પર્ધા આગામી ૨૪ જુલાઈ શુક્રવાર બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાક દરમિયાન સેકટર-૨૩ સ્થિત અરવિંદ સંસ્કાર કેન્દ્ર ગાંધીનગર ખાતે યોજાશે. સ્પર્ધામાં નગરની તમામ સંસ્થાની બહેનો, સ્કુલની વિદ્યાર્થીનીઓ તેમજ કોલેજની વિદ્યાર્થીનીઓ જોડાઈ શકશે. સ્પર્ધામાં જોડાવા કુસુમબેન તન્ના ૯૪૦૮૨૭૧૧૧૮, લતાબેન ચોકસી, ૨૩૨૨૦૧૬૦, ચેતના બુચ ૨૩૨૬૦૩૭૦ પર નામ નોંધાવવા જણાવાયું છે.

## લેઉવા પટેલ સમાજ યુવક-યુવતિઓ માટે પસંદગી મેળો યોજશે

ગાંધીનગર, તા.૧૬

પટેલ સમાજ અમદાવાદ દ્વારા સમસ્ત ગુજરાત રાજયમાં વસતા લેઉવા પટેલ સમાજના યુવક યુવતિઓ માટે જીવનસાથી પસંદગી મેળો યોજવામાં આવશે. આગામી તા. ૧૯ થી ૨૬ જુલાઈ સવારે ૯-૦૦ થી રાત્રે ૭-૦૦ વગ્યા સુધી આસ્થા કિલનીક, વિશ્વકર્મા સોસાયટી, જોધપુર ચાર રસ્તા સેટેલાઈટ અમદાવાદ ખાતે યોજાશે. પસંદગી મેળામાં ઉપસ્થિત રહેનાર લગ્નોત્સુક યુવક યુવતિઓએ પોતાના માતા પિતા સાથે સંપૂર્ણ બાયોડેટા સાથે ઉપસ્થિત રહેવા સમાજના પ્રમુખે જણાવ્યું છે.

## માઉન્ટ એવરેસ્ટના ચડાણની પ્રથમ તબક્કાની તાલીમમાં હેત જાની વિજેતા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે રહેતા અને શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલય, સેકટર-૨૩, ગાંધીનગરમાં ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા હેત જાનીએ તા. ૨૫-૬-૨૦૧૫ થી ૧૦-૭-૨૦૧૫ દરમિયાન ઉત્તરાખંડ રાજયમાં આવેલ ઉત્તરકાશી ખાતે કાર્યરત નહેરૂ ઈન્સ્ટીટયુટ ઓફ માઉન્ટીંગ કે જે વિશ્વના સૌથી ઉંચા શિખર માઉન્ટ એવરેસ્ટના ચડાણ માટેની તાલીમ આપે છે જેના પ્રથમ તબક્કાની તાલીમ ઉત્તરાખંડ રાજયમાં આવેલ ગંગોત્રી નજીક ભટવાડી ગામ પાસે તેથલા બેઝ કેમ્પ કેજે સમુદ્રતળથી ૬૦૦૦ ફુટ ઉંચાઈએ અને સમુદ્રતળથી ૯૦૦૦ ફુટ ઉંચાઈએ આવેલ ચોરંગીખાલ બેઝ કેમ્પ ખાતે તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.



હેત જાનીમાં નાનપણથી બરફ આચ્છાદિત પર્વતો પર ટ્રેકીંગ કરવાની ખેવના જાગૃત થયેલ. માઉન્ટ એવરેસ્ટ કે જે સમુદ્રતળથી ૮૮૪૮ મીટર એટલે કે ૨૯૦૨૮ ફુટ ઉંચાઈ પર આવેલ છે. જયાં તાપમાન માયનસ ૧૦થી ૧૨ ડિગ્રી અને હાડ થિવજી નાખનાર પવનો હોય છે. આ ઉપરાંત તાજેતરમાં નેપાળ ખાતે આવેલ ભુકંપે સર્જેલ તબાહીથી જરા પણ મનમાં ડર રાખ્યા વિના તેનું મન માઉન્ટ એવરેસ્ટ ચડાણ માટે થનગનાટ અનુભવે છે. જેના ફલ સ્વરૂપે પ્રથમ તબક્કાની તાલીમમાં ક્રોસ કન્ટ્રી રેસમાં તે વિજયી થયેલ છે તે બદલ શાળાના ટ્રસ્ટી સ્વામીશ્રી રામકૃષ્ણ, પ્રિન્સીપાલ ઉમંગભાઈ વસાણી અને સમગ્ર શાળા પરિવારે ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

હેત જાની આગામી સપ્ટેમ્બર ૨૦૧૬માં માઉન્ટરીંગની દ્વિતિય તબક્કાની તાલીમમાં જશે. જયાં તેને સમુદ્રતળથી ૧૩૫૦૦ ફુટ ઉંચાઈએ આવેલ નંદાદેવી હિમશિખર સર કરવા માટે નહેરૂ ઈન્સ્ટીટયુટ ઓફ માઉન્ટરીંગના પ્રિન્સીપાલ કર્નલ અજય કોઠિયાર, માઉન્ટરીંગ ટ્રેનીંગ ઓફિસર્સ તેમજ સમસ્ત સ્ટાફ સઘન તાલીમ આપશે.